| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૨૫/૦૪/૨૦૨૫ | | |
| દાખલ તારીખ | ૨૫/૦૪/૨૦૨૫ | | |
| નિકાલ તારીખ | ૧૦/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૧ | ૧૪ |

**ક્રિમીનલ કેસ નં. ૯૭૨/૨૦૨૫**

**આંક–.....**

# ફોર્મ – એ

**પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રીની**

**કોર્ટ, મુ.પેટલાદ**

**(જજમેન્ટ આપ્યાની તારીખ ૧૦/૦૬/૨૦૨૬ )**

**(કેસ નં. ૯૭૨/૨૦૨૫ )**

**પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનના ગુ.રજી. નં. ૧૧૨૧૫૦૨૧૨૫૦૦૬૧/૨૦૨૫**

**(બી.એન.એસ.ની કલમ– ૧૧૫(૨),૩૫૨, ૩૫૧(૩) ૫૪ જી.પી એક્ટની કલમ– ૧૩૫ મુજબ )**

| | |
|---|---|
| **ફરીયાદી** | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| **ફરીયાદી તરફે** | વિ.એ.પી.પી.શ્રી.એમ.એમ.ભુરીયા |
| **આરોપી** | (૧) યુવરાજ રમણભાઈ વાઘેલા<br>(૨) રાજેન્દ્રભાઇ છોટાભાઇ વાઘેલા<br>(૩) રમણભાઇ છોટાભાઇ વાઘેલા<br>(૪) પ્રિયંકાબેન રમણભાઇ વાઘેલા<br>તમામ રહે. પેટલાદ, રાજરતનમીલની ચાલી તા. પેટલાદ |
| **આરોપી તરફે** | વિ.વ.શ્રી પી.જે. સૈયદ |

# <u>ફોર્મ – બી</u>

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | ૦૮/૦૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૩/૩૦ વાગ્યે |
| **એફ.આઈ.આર. ની તારીખ** | ૦૮/૦૨/૨૦૨૫ |
| **ચાર્જશીટની તારીખ** | ૨૫/૦૪/૨૦૨૫ |
| **તહોતમનામું ઘડયાની તારીખ** | ૧૩/૦૬/૨૦૨૫ |
| **પુરાવો લેવાનો ચાલુ કર્યાની તારીખ** | ૦૬/૦૬/૨૦૨૬ |
| **જજમેન્ટ આપવાની નકકી કરેલ તારીખ** | ૧૦/૦૬/૨૦૨૬ |
| **જજમેન્ટ આપ્યાની તારીખ** | ૧૦/૦૬/૨૦૨૬ |
| **સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો)** | – |

## <u>આરોપીની વિગત</u>

| **આરોપીની સંખ્યા** | **આરોપીનું નામ** | **અટક કર્યાની તારીખ** | **જામીન પર મુકત કર્યાની તારીખ** | **ગુનાઓના આરોપસર** | **સજા/ નિર્દોષ** | **ફરમાવેલ સજા** | **કેદમાં રહેલ મુદતનો સમય બી.એન.એસ.એસ.ની કલમ –૪૬૮ના હેતુસર** |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | યુવરાજ રમણભાઈ વાઘેલા | ૦૮/૦૨/૨૦૨૫ | | બી.એન.એસ. ની કલમ– ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) ૫૪ જી.પી એક્ટની કલમ– ૧૩૫ મુજબ | **નિર્દોષ** | **–** | **–** |
| (૨) | રાજેન્દ્રભાઈ છોટાભાઈ વાઘેલા | | | | | | **–** |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૩) | રમણભાઇ છોટાભાઇ વાઘેલા | | | | | | |
| (૪) | પ્રિયંકાબેન રમણભાઇ વાઘેલા | | | | | | |

## ફોર્મ – સી

### એ– ફરીયાદપક્ષના સાક્ષી :–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| PW1 | કૈલાશબેન અરવિંદભાઈ પરમારની જુબાની | ફરીયાદી | ૧૪ |
| PW2 | ઈલિશભાઈ અરવિંદભાઈ પરમારની જુબાની | સાહેદ | ૧૬ |

### બી– આરોપીપક્ષના સાક્ષી :–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| DW1 | – | – | – |

### સી– કોર્ટ તરફેના સાક્ષી :–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| CW1 | – | – | – |

### એ– ફરીયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજો :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | ૧૫ | ફરીયાદ |
| 2 | ૧૭ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| 3 | ૧૮ | શરિરસ્થિતિનુ પંચનામું |

### બી– આરોપીપક્ષના સાક્ષી :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | | |

### સી– કોર્ટ તરફેના સાક્ષી :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | – | – |

## <u>ડી– મહત્વની વસ્તુઓ :–</u>

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| **1** | – | – |

## <u>–: જ જ મે ન્ટ :–</u>

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ તા–૦૮/૦૨/૨૦૨૫ ના કલાક ૧૩/૩૦ વાગે મોજે.પેટલાદ રાજરતનમીલની ચાલીમાં ફરીયાદીશ્રીના દિકરા સાથે થયેલ ઝઘડાની રીસ રાખી ફરીયાદીશ્રી તથા સાહેદને ગંદી ગાળો બોલી ગદળડાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી મહે. અધિ જી.મેજી. સા. આણંદ નાઓના જાહેરનામાનો ભંગ કરી, **બી.એન.એસ.ની કલમ– ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટ ૧૩૫** મુજબનો ગુનો નોંધી ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસ કરતા હાલના કામના આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા આરોપીઓ વિરુધ્ધના આક્ષેપીત ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં ઈન્સાફી નિકાલ સારૂ રજુ કરવામાં આવેલ છે.

(૨) ત્યાર બાદ આ કામના આરોપીઓને સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ અને તેની બજવણી થતા આરોપીઓ કોર્ટમાં હાજર થયેલ છે અને આરોપીઓને બી.એન.એસ.એસ. ની કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે ચાર્જસીટ સહીત પોલીસ કાગળની નકલો આપવામાં આવેલ છે. તેમજ ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધના આક્ષેપીત ગુના અંગેનું તહોતમનામું **આંક– ૦૪** થી ફરમાવવામાં આવેલ છે અને **આંક– ૦૫ થી ૦૮** આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેઓએ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. તેથી કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે તથા ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવા નોંધવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદપક્ષે ફોર્મ–સી માં જણાવ્યા મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(૪) ઉપરોકત ફોર્મ–સી માં જણાવ્યા મુજબના પુરાવા રજુ થયા બાદ ફરીયાદપક્ષે બીજા કોઈ પુરાવા રજુ થયેલ નથી અને **આંક–૧૯** થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે તેમજ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા જોતા બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા પાત્ર કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોવાથી આરોપીઓનું બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

તેમજ ત્યાર બાદ ફરીયાદપક્ષ તથા આરોપીઓપક્ષના વિ.વ.શ્રી. નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે અને સદર કેસના આખરી નિર્ણય કરતી વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

(૫) કામે કેસના આખરી નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા–૦૮/૦૨/૨૦૨૫ ના કલાક ૧૩/૩૦ વાગે મોજે.પેટલાદ રાજરતનમીલની ચાલીમા ફરીયાદીશ્રીના દિકરા સાથે થયેલ ઝઘડાની રીસ રાખી ફરીયાદીશ્રી તથા સાહેદને ગંદી ગાળો બોલી ગદળડાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી મહે. અધિ જી.મેજી. સા. આણંદ નાઓના જાહેરનામાનો ભંગ કરી, **બી.એન.એસ.ની કલમ– ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટ ૧૩૫** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

| | |
|---|---|
| (૧) | નકારાત્મક. |
| (૨) | આખરી હુકમ મુજબ. |

**: <u>કા ર ણો</u> :**

**(૭) મદ્દા નં.૦૧ અને ૦૨**

સદર કામે ફરીયાદપક્ષે **આંક– ૧૪** થી ફરીયાદી **કૈલાશબેન અરવિંદભાઈ પરમાર** નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, "આજથી આશરે એકાદ વર્ષ પહેલા હુ મારા ઘરે હાજર હતી મારો દીકરો ઈલેશ તથા રમણભાઈ વાઘેલા ઘરે હાજર હતા અને તેઓની સાથે અમારી પડોશમાં રહેતા યુવરાજભાઈ વાઘેલા, રાજેન્દ્રભાઈ વાગેલા, રમણભાઈ વાઘેલા,અને પ્રિયંકાબેન વાઘેલા સાથે આગળની જુની અદાવત બાબતે બનાવના દિવસે સામાન્ય એ બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઈ બનેલ નહી. બનાવની મે પે.ટાઉન પો.સ્ટેમાં ફરીયાદ આપેલી. મને ફરીયાદની ઝેરોક્ષ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે મારી સહી છે જે ફરીયાદ ને રજુ દા. આંક..૧. આપવામાં આવે છે. આરોપીઓને ઓળખુ છુ આજ રોજ કોર્ટમાં હાજર છે." તેવી હકીકત જણાવેલ છે.

સદર સાહેદની ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી. દ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેમણે જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, મારે હાલ આરોપીઓ સાથે સારા સબંધ છે કોઈ મન દુખ નથી." તેવી હકીકત જણાવેલ છે.

(૭.૧) સદર કામે ફરીયાદપક્ષે **આંક– ૧૬** થી **સાહેદ ઈલેશભાઈ અરવિંદભાઈ પરમાર** નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, "આજથી આશરે એકાદ વર્ષ પહેલા હુ મારા ઘરે હાજર હતો મારી માં રમણભાઈ વાઘેલા ઘરે હાજર હતા અને તેઓની સાથે અમારી પડોશમાં રહેતા યુવરાજભાઈ વાઘેલા, રાજેન્દ્રભાઈ વાગેલા, રમણભાઈ વાઘેલા,અને પ્રિયંકાબેન વાઘેલા સાથે આગળની જુની અદાવત બાબતે બનાવના દિવસે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઇ બનેલ નહી. બનાવની મારી મા એ પેટલાદ ટાઉન પો.સ્ટેમાં ફરીયાદ આપેલી. બનાવ સબંધી પોલીસે મારો જવાબ લીધેલો. આરોપીઓને ઓળખુ છુ આજ રોજ કોર્ટમાં હાજર છે. " તેવી હકીકત જણાવેલ છે.

સદર સાહેદની ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી. દ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેમણે જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, મારે હાલ આરોપીઓ સાથે સારા સંબંધ છે કોઇ મન દુખ નથી."

આમ સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગવામાં આવેલ છે, જે આપવામાં આવેલ છે અને આવા વિગતવારના સુચક પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકત તેઓએ જણાવેલ નથી.

સદર સાહેદની ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી. દ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેમણે જણાવેલ છે કે એ વાત ખરી છે કે તૈયાર પંચનામામાં સહી કરેલી, સહી કર્યા સીવાય કશું જાણતો નથી.

(૮) કોઇપણ કેસમાં જયારે પોલીસ ચાર્જશીટના આધારે કેસનો નિર્ણય કરવાનો હોય છે ત્યારે અદાલતેએ ખ્યાલ રાખવાનો હોય છે કે, અદાલતે માત્ર ભોગ બનનાર અને આરોપી વચ્ચે ન્યાય કરવાનો નથી, પરંતુ સમાજને પણ આ ન્યાયની અસર થતી હોય છે એ બાબત પણ લક્ષમાં લઈ ન્યાય કરવાનો હોય છે. કોઈપણ બનાવનો ભોગ બનનારે ન્યાય મેળવવા માટે સૌપ્રથમ સારવાર કરનાર એજન્સી ઉપર આધાર રાખવો પડે છે અને ત્યારબાદ પ્રોસીકયુશન એજન્સી ઉપર આધાર રાખવો પડે છે. આ એજન્સીઓ પૈકી કોઈપણ એજન્સીની ઈરાદા સાથે કે ઈરાદા વગર (શુધ્ધબુધ્ધિ પુર્વકની) કોઇ ભુલ કરે તો તેનો ખરેખર ભોગ બનનારને બનવું ન પડે તે પણ પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે જોવાની ફરજ પણ અદાલતની છે. આ બાબતે નામદાર સુપ્રિમકોર્ટ,સ્ટેટ ઑફ યુ.પી વિરુધ્ધ અનીલસીંગ, અંબીકાપ્રસાદ વિ. સ્ટેટ ઓફ દીલ્હી એ.આઈ.આર. ૨૦૦૦, સુપ્રીમ કોર્ટ, ૭૧૮ ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતને સમાજમાં જે રીતે ક્રાઇમ વધી રહેલ છે અને જે રીતે આરોપીઓ શંકાનો લાભ મેળવી બચી જાય છે તે અંગે નોંધેલ છે કે, સ્વતંવ સાહેદો સાક્ષી બનવાનુ ટાળે છે, અન્વેષણ અધીકારીને પણ સહકાર આપતા નથી, તે માટેના ઘણા કારણો છે. પરંતુ આવા પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે કોર્ટ એ ધ્યાનમાં રાખવુ જોઈએ કે, જજની ખુશીમાં બેસી જજે માત્ર અેટલુ જ જોવાનું

નથી કે કોઈ નિર્દોષ માણસને ખોટી સજા ન થઈ જાય, પરંતુ કોર્ટની એ પણ જોવાની ફરજ છે. આ બાબત ધ્યાન પર રાખી રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે. આરોપીઓ સામે ફોજદારી કેસ છે. પોલીસ ચાર્જશીટ આધારીત કેસ દાખલ થયેલ છે. ફોજદારી કેસમાં ક્રિમીનલ જયુરીસપ્રુડન્શના સિધ્ધાંતો જોઇએ તો,...Basically, there are three cardinal principles of criminal jurisprudence. 1. prosecution to prove its case beyond reasonable doubt. 2. The accused must be presumed to be innocent. 3. The onus of the prosecution never shifts. The criminal jurisprudence has given a wider area to the accused. There is no only moral conviction, Howsoever grave the alleged offence may be, suspicion alone cannot take the place of legal proof. The well established cannon of criminal justice is "fouler the crime higher the proof". ફરીયાદપક્ષ સદર મુળભુત સિધ્ધાંતો ધ્યાન સમક્ષ રાખી આ કેસમાં ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાકીય બાબતોનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૯) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં,વધુમાં સદર કામે રેકર્ડ જોતા આરોપીઓના વિ.વ.શ્રી.ની સંમતીથી **આંક– ૧૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું** રજુ થયેલ છે, આ કામમાં **આંક–૧૪** ના **ફરીયાદી**ની જુબાની ધ્યાને લેતા બનાવ એકાદ વર્ષ પહેલા બનેલો હતો. ફરીયાદીને આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. **આંક–૧૫** થી રજુ કરેલ ફરીયાદને સમર્થનકારક જુબાની આપેલી નથી. આથી ફરીયાદની હકીકત પુરવાર થતી નથી. આ કામમાં **આંક–૧૬** થી સાહેદને તપાસવામાં આવેલ છે. તેમની જુબાની ધ્યાને લેતા આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. આ કામમાં **આંક– ૧૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું અને આંક–૧૮ થી શરિરસ્થિતિનુ પંચનામુ** રજુ કરવામાં આવેલ છે. સદરહુ દસ્તાવેજોના કામે બીજા કોઈ સાહેદોને આ કામમાં તપાસવામાં આવેલા નથી આ ઉપરાંત ફરીયાદપક્ષના મહત્વના ફરીયાદીએ **આંક–૧૪** થી ફરીયાદપક્ષને સમર્થનકારક જુબાની આપેલી નથી. આરોપીએ ગડદાપાટુનો મારી જાનથી મારી

નાખવાની ધમકી આપી હોવા બાબતની કોઈ હકીકત ફરિયાદપક્ષ આધારભૂત પુરાવાથી રોકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૧૦) ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો પ્રમાણે ફરીયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે, તથા ફરીયાદપક્ષના કેસમાં ગયેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ ઉપરના પુરાવાઓ ઉપરથી એક બાજુ જણાઇ આવતું હોય કે આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો કોઇ ગુનો આરોપીઓએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરીયાદપક્ષના કેસમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો રહે છે. ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સિધ્ધાંત છે કે, સો ગુન્હેગારો ભલે છુટી જાય પરંતુ કોઇ નિર્દોષ માણસને ખોટી રીતે સજા થવી જોઇએ નહી. વધુમાં નામ.સર્વોચ્ચ અદાલત ધ્વારા ***kailash Gaur V/s. State of Aasam A.I.R.*** *2012 SC 786* ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો જોતા તેના પેરા–૨૮ માં એમ ઠરાવેલ છે કે :– "*28. It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which can not be wished away. See Narendra Singh and Anr. V. State of M.P. (2004) 10 SCC 699: (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma V. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294: (AIR 2005 SC 2277). To the same effect is the decision of this court in Ganesh v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this court observed : "Every accused is presumed to be innocent unless his guilt is proved. The presumption of innocent is human right. Subject to the statutory exception, the said principle from the basis of criminal jurisprudence in India.*"

(૧૧) ફરીયાદપક્ષના કેસની તમામ હકીકતો અને સંજોગો તેમજ ફરીયાદપક્ષના તમામ પુરાવા ધ્યાને લેતાં ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, આ કામના આરોપીઓએ તા–૦૮/૦૨/૨૦૨૫ ના કલાક ૧૩/૩૦ વાગે મોજે.પેટલાદ રાજરતનમીલની ચાલીમા ફરીયાદીશ્રીના દિકરા સાથે થયેલ ઝઘડાની રીસ રાખી ફરીયાદીશ્રી તથા સાહેદને ગંદી ગાળો બોલી ગળદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી મહે. અધિ જી.મેજી. સા. આણંદનાઓના જાહેરનામાનો ભંગ કરી, **બી.એન.એસ.ની કલમ– ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટ ૧૩૫** મુજબનો શિક્ષાને પાત્ર ગુનોકરેલ હોવાની હકીકત સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાથી મુદદા નં.૧ " **નકારમાં** " ઠરાવી મુદદા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

( ૧ ) બી.એન.એસ.એસ.ની **કલમ– ૨૭૧ (૧) અન્વયે** આરોપી નં.**(૧) યુવરાજ રમણભાઈ વાઘેલા,** આરોપી નં.**(૨) રાજેન્દ્રભાઇ છોટાભાઇ વાઘેલા,** આરોપી નં.**(૩) રમણભાઇ છોટાભાઈ વાઘેલા,** આરોપી નં.**(૪) પ્રિયંકાબેન રમણભાઈ વાઘેલા તમામ રહે. પેટલાદ, રાજરતનમીલની ચાલી તા. પેટલાદ બી.એન.એસ.ની કલમ– ૧૧૫(૨),૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટ ૧૩૫** અન્વયેના સજાને પાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના મુદ્દામાલ બાબતે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે. જો મુદ્દામાલ બબાતે વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય અને મુદ્દામાલની કિંમત ઉપજી શકે તેમ હોય તો અપીલ સમય પુરો થયેથી તેનો ધોરણસર નિકાલ કરવો જો મુદ્દામાલની કિંમત ઉપજી શકે તેમ ન હોય તો અપીલ સમય પુરો થયેથી તેનો ધોરણસર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧(ક) અન્વયે અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા જાત મુચરકો લેવામાં આવેલ છે.

આ હુકમ આજ રોજ તારીખ– ૧૦ , માહે– જુન , સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૦/૬/૨૦૨૬
સ્થળ: પેટલાદ

(ડી.બી. ગોહીલ)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, પેટલાદ

સ્ટેનો– ડી.જે. સોલંકી

**કોર્ટના કર્મચારીશ્રીઓએ કરવાના કાર્યો અંગે હુકમ.**

(૧) અત્રેની અદાલતમાં અપલોડની કામગીરી સંભાળતાં કર્મચારીશ્રીએ સદર હુકમ અદાલત–માં જાહેર થયા મુજબ યોગ્ય રીતે વેરીફાઇ કર્યા બાદ અપલોડની કાર્યવાહી તાત્કાલીક કરવી.

(૨) બોર્ડ કલાર્કશ્રીએ સદર કેસ/અરજી ચેક વેરીફાઇ કરવી.

(૩) રજીસ્ટ્રીએ નિયમોનુસાર હુકમ મુજબ આગળની કાર્યવાહી કરી સદર કેસ રેકર્ડ રૂમમાં મોકલવી આપવો.

તારીખ: ૧૦/૬/૨૦૨૬
સ્થળ : પેટલાદ

(દિલીપર્સીંહ બી. ગોહીલ)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, પેટલાદ

| ક્રમ | વિગત | કર્મચારીની સહી |
|---|---|---|
| ૧ | ચુકાદો અદાલતમાં જાહેર થયા મુજબ, ચેક વેરીફાઇ કર્યા બાદ અપલોડની કાર્યવાહી કરેલ છે. **અપલોડની કામગીરી સંભાળનાર** | |
| ૨ | આખો કેસ ચેક વેરીફાઇ કરેલ છે. **શીરસ્તેદાર /બોર્ડ કલાર્કશ્રી** | |
| ૩ | હુકમ મુજબ આગળની કાર્યવાહી કરેલ છે. **સુપ્રિટેન્ડેન્ટ/ રજીસ્ટ્રી** | |